॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥

॥ श्रीजीबापा ॥ ॥ स्वामीबापा ॥

# સંસ્કારદીપિકા

## ભાગ-૭

: પ્રકાશક :

શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન
શ્રીજીસંકલ્પમૂર્તિ આદ્ય આચાર્યપ્રવર ધર્મધુરંધર
૧૦૦૮ શ્રી મુક્તજીવન સ્વામીબાપા
સુવર્ણજયંતી મહોત્સવ સ્મારક ટ્રસ્ટ
મણિનગર, અમદાવાદ - ૩૮૦ ૦૦૮

ISBN 81-89189-54-9

શ્રી મુક્તજીવન સ્વામીબાપા શતાબ્દી મહોત્સવના ઉપક્રમે

સંવત ૨૦૬૧ ભાદરવા વદ અમાસ

## અનુક્રમણિકા


| ક્રમાંક | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | ખાલી જગ્યાઓ તથા સાચાં ખોટાં વાક્યો માટે | ૩ |
| ૨ | પ્રશ્નોત્તર - વિભાગ (અ) | ૭ |
| ૩ | પ્રશ્નોત્તર - વિભાગ (બ) | ૧૪ |
| ૪ | પ્રશ્નોત્તર - વિભાગ (ક) | ૨૦ |
| ૫ | વચનામૃત | ૨૬ |
| ૬ | પદ | ૩૧ |
| ૭ | નમૂનાનું પ્રશ્નપત્ર | ૩૭ |



**: ટાઈપ સેટીંગ :**

**મુક્ત ગ્રાફીક્સ, શ્રી સ્વામિનારાયણ મંદિર,**

**મણિનગર, અમદાવાદ - ૩૮૦૦૦૮**

**ફોન : ૨૫૪૬૫૭૫૭, ૨૫૪૬૮૦૨૯**

**: મુદ્રક :**

**સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**

**સિટી મિલ કમ્પાઉન્ડ, કાંકરિયા, અમદાવાદ - ૩૮૦૦૨૨**

**ફોન : ૨૫૪૬૯૧૦૧ - ૦૨**


# સંસ્કારદીપિકા

## ભાગ - ૭

## ખાલી જગ્યાઓ તથા સાચાં ખોટાં વાક્યો માટે

- → વચનામૃતોની કુલ સંખ્યા ૨૭૩ છે.
- → વચનામૃતની પ્રાગટ્ય જયંતી વિક્રમ સંવત ૧૮૭૬ માગશર સુદિ ચતુર્થી છે.
- → વચનામૃત એ પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનની શ્રીમુખવાણી છે.
- → ભગવાનના સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ રાખવી તેથી કોઇ સાધન કઠણ નથી.
- → ભગવાનના ધ્યાનમાં જે પદાર્થ આવરણ કરે તેને માયા જાણવી.
- → જે મનુષ્ય કર્યા કૃત્યને ન જાણે તે કૃતઘ્ની કહેવાય.
- → સંતનો સમાગમ પરમ ચિંતામણિ તુલ્ય છે.
- → પુરુષ અને પ્રકૃતિ ભગવાનની શક્તિ છે.
- → શ્રી સ્વામિનારાયણ ભગવાનનો મહિમા સમજાય તો શ્રદ્ધા વૃદ્ધિ પામે.
- → વિવેકી ભક્ત સત્સંગમાં મોટપને પામે છે.
- → ઈન્દ્રિયોના આહાર શુદ્ધ કરવાથી અંતઃકરણ શુદ્ધ થાય છે.
- → ઈન્દ્રિયોને જીતવાથી અંતઃકરણ જિતાય છે.
- → એક જિહ્વાને પરિપક્વ જીતે તો બીજી ઈન્દ્રિયો જિતાય છે.

- → દેહને વિશે અહંબુદ્ધિ અને દેહસંબંધી પદાર્થને વિશે મમત્વ બુદ્ધિ એ જ માયા છે.
- → આ જીવ જેવી સોબત કરે છે તેવું તેનું અંતઃકરણ થાય છે.
- → સત્સંગમાં જેને વધારો થવાનો હોય તેને શુભ વાસના વૃદ્ધિ પામે છે.
- → જે સત્સંગી સત્સંગમાંથી પાછો પડવાનો હોય તેને અસદ્‌વાસના વૃદ્ધિ પામે છે.
- → પોતાના જીવાત્માના કલ્યાણને અર્થે યત્ન કરે છે તેમને જ કુશાગ્ર બુદ્ધિવાળા જાણવા.
- → ઉપાસના વિના કોઇ વાત સિદ્ધ થાતી નથી.
- → માન રહિત જે જ્ઞાન વૈરાગ્ય ને ભક્તિ તે સોળવલા સોના જેવા છે.
- → શ્રી સ્વામિનારાયણ ભગવાનના તેજને મૂળઅક્ષરાદિકનું શરીરી, દ્રષ્ટા તથા આત્મા કહેવાય.
- → શ્રી સ્વામિનારાયણ ભગવાનને મૂર્તિમાન મૂળઅક્ષરાદિકના પરમાત્મા કહેવાય.
- → શ્રી સ્વામિનારાયણ ભગવાનની આગળ મૂળઅક્ષરાદિક અનાત્મા કહેવાય.
- → આ બ્રહ્માંડમાં જેટલું કારખાનું છે તેટલું જ આ પિંડમાં પણ છે.
- → પ્રધાનપુરુષ એ જ ભૂમાપુરુષ છે.
- → ભૂમાપુરુષ માયાસબળિત બ્રહ્મ છે.
- → ભૂમાપુરુષના સાધનિક પાર્ષદો અવ્યાકૃત ધામમાં રહે છે.
- → અવ્યાકૃત ધામ આ પૃથ્વીના ગોળાની અંદર આવેલું છે.
- → વિષ્ણુના ધામને વૈકુંઠ કહે છે.
- → મૂળપુરુષના ધામને ગોલોક કહે છે.



- → મૂળપુરુષથી મહાકાળ શ્રેષ્ઠ છે.
- → મહાકાળથી નિરન્નમુક્ત શ્રેષ્ઠ છે.
- → નરનારાયણના ધામને બદરિકાશ્રમ કહે છે.
- → વાસુદેવબ્રહ્મના મૂળધામને બ્રહ્મપુર કહે છે.
- → વાસુદેવબ્રહ્મના સાધનિક મુક્તો - નિરન્નમુક્તો જે ધામમાં રહે છે તેને શ્વેતદ્વીપ કહે છે.
- → વાસુદેવબ્રહ્મ પોતાના મૂળધામમાં - બ્રહ્મપુરમાં રહ્યા થકા શ્વેતદ્વીપમાં નિરન્નમુક્તોને દિવસમાં પાંચ વખત દર્શન આપે છે.
- → જ્ઞાને યુક્ત વૈરાગ્ય હોય તે કોઇ કાળે નાશ પામે નહિ.
- → મોટાપુરુષને વિશે જે નિર્દોષબુદ્ધિ રાખે તે દોષ રહિત થઇ જાય છે.
- → વિષયભોગની પ્રાપ્તિ થાય ત્યારે વૈરાગ્ય કળાય.
- → આપત્કાળ આવે ત્યારે સમજણ કળાય.
- → જેના કુળમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનનો એક ભક્ત થાય તેની ઇકોતેર પેઢીનો મોક્ષ થાય છે.
- → હિંમત રહિત વાત કરે તેને નપુંસક જાણવો.
- → ભગવાનના જ્ઞાનનો ઓથ લઇને ધર્મને ખોટા કરે તેને અસુર જાણવો.
- → જેમ રાજાના અમલદારોથી રાણી મોટી કહેવાય તેમ અવતારોથી મુક્ત મોટા છે.
- → જેણે પોતાનું મન જીત્યું તેણે સર્વ જગત જીત્યું.
- → મનોમય ચક્ર તે મનને જાણવું.
- → ઇન્દ્રિયોરૂપ જે મનની ધારા તે જે ઠેકાણે ઘસાઇને બૂઠી થઇ જાય તેને નૈમિશારણ્ય ક્ષેત્ર જાણવું.
- → ભગવાનના આશરામાં કાચપ હોય તેને માયા ડગાવે છે.

- → સ્થૂળ દેહ પંદર તત્ત્વનું છે.
- → સૂક્ષ્મ દેહ નવ તત્ત્વનું છે.
- → શ્રી સ્વામિનારાયણ ભગવાનના સાકાર સ્વરૂપની ઉપાસના વિના આત્મા કે બ્રહ્મ દેખાય જ નહિ.
- → સંતનો દૃઢ પ્રસંગ રાખે તો એ જીવ ભાગવત ધર્મથી પડે નહિ અને આખડે પણ નહિ.
- → સત્સંગમાં સ્વાર્થ જણાય તો પ્રકૃતિ ટળવી કઠણ ન પડે.
- → પરમેશ્વરનાં દર્શન કરવાં ત્યારે મને સહિત દૃષ્ટિ એકાગ્ર રાખીને કરવાં.
- → વિશેષે કરીને ગુણ અવગુણ યુવાની અવસ્થામાં જણાય છે.
- → આકાશ છે તે પૃથિવ્યાદિ ચારમાં અનુસ્યૂતપણે વ્યાપીને રહ્યો છે.
- → ભગવાનના ભક્તનો દેહ અપમૃત્યુએ કરીને પડે તો પણ તેની અવળી ગતિ થાય જ નહિ.
- → ગમે તેવો ભૂંડો દેશકાળ હોય તો પણ હૈયામાં લેશમાત્ર મૂંઝવણ આવવા દેવી નહિ.
- → ભગવાનના નિશ્ચયરૂપ મતિને ક્યારેય ફરવા દેવી નહિ.
- → ભગવાન સંબંધી પંચ વિષય સેવવાથી બુદ્ધિમાં પ્રકાશ થાય છે.
- → ગુણગ્રાહક સ્વભાવ હોય તેનો સત્સંગમાં દૃઢ પાયો થાય છે.
- → માયામાંથી થયા જે આકાર તે મિથ્યા અને નાશવંત છે.
- → મુમુક્ષુએ ક્યારેય મનનો વિશ્વાસ કરવો નહિ.
- → મનને વિશે ભગવાનના અખંડ ઘાટ કર્યા કરવા.
- → શ્રી સ્વામિનારાયણ ભગવાનનું પ્રાગટ્ય જીવોના આત્યંતિક કલ્યાણને માટે છે.
- → માયામાંથી પ્રીતિ ટાળીને ભગવાનમાં પ્રીતિ કરવી તે સર્વ શાસ્ત્રનો સિદ્ધાંત છે.

## પ્રશ્નોત્તર - વિભાગ (અ)

**પ્ર.** ક્રમશઃ પ્રકરણ તથા તે પ્રકરણના વચનામૃતોની સંખ્યા લખો.

**ઉ.** ગઢડા પ્રથમ પ્રકરણ... ૭૮
સારંગપુર પ્રકરણ .... ૧૮
કારીયાણી પ્રકરણ..... ૧૨
લોયા પ્રકરણ......... ૧૮
પંચાળા પ્રકરણ....... ૦૭
ગઢડા મધ્ય પ્રકરણ... ૬૭
વરતાલ પ્રકરણ....... ૨૦
અમદાવાદ પ્રકરણ.... ૦૮
અશ્લાલી............ ૦૧
જેતલપુર પ્રકરણ..... ૦૫
ગઢડા છેલ્લું પ્રકરણ... ૩૯

**પ્ર.** આપણા શાસ્ત્રોમાં સદ્‌ગુરુ શ્રી રામનંદ સ્વામીને ઉદ્ધવના અવતાર કહ્યા છે; તે કેમ સમજવું ?

**ઉ.** ઉત્ એટલે ઉત્કૃષ્ટ અને ધવ એટલે સ્વામી અર્થાત્ ઉદ્ધવ એટલે ઉત્કૃષ્ટ સ્વામી - શ્રી સ્વામિનારાયણ ભગવાન અને અવતાર એટલે મુક્ત. સદ્‌ગુરુ શ્રી રામાનંદ સ્વામી શ્રી સ્વામિનારાયણ ભગવાનના મુક્ત (મુક્તાવતાર ) હતા. માટે તેમને ઉદ્ધવના અવતાર કહેલા છે.

**પ્ર.** શ્રી સ્વામિનારાયણ ભગવાનના ભક્તોએ ક્યા સ્વરૂપનું ધ્યાન કરવું ?

**ઉ.** શ્રી સ્વામિનારાયણ ભગવાનના ભક્તોએ શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી સહજાનંદ સ્વામી મહારાજ આદિ નામથી મંદિરમાં પધરાવેલ મૂળ મૂર્તિનું ધ્યાન કરવું, પણ રામકૃષ્ણાદિક પરોક્ષ અવતારોનું ધ્યાન કરવું નહિ તેમજ સમાધિમાં મુમુક્ષુઓને બીજા અવતારરૂપે પોતે (શ્રી સ્વામિનારાયણ ભગવાને) દર્શન આપ્યાં હતાં તે સ્વરૂપોનું પણ ધ્યાન કરવું નહિ.

**પ્ર.** વાસનાનું શું રૂપ છે ?

**ઉ.** પૂર્વે જે વિષય ભોગવ્યા હોય, દીઠા હોય અને સાંભળ્યા હોય તેની જે અંતઃકરણને વિશે ઇચ્છા વર્તે તેને વાસના કહીએ અને વળી જે વિષય ભોગવ્યામાં ન આવ્યા હોય ને તેની જે અંતઃકરણને વિશે ઇચ્છા વર્તે તેને પણ વાસના કહીએ.

**પ્ર.** પાદ્મકલ્પ તથા બ્રાહ્મકલ્પ કોને કહેવાય ?

**ઉ.** શેષશાયી નારાયણ નિમિત્ત પ્રલયમાં શેષશય્યાને વિશે જળાર્ણવમાં સૂતા હતા. તેમની નાભિમાં પદ્મ થયું, તેમાં બ્રહ્મા ઉત્પન્ન થયા અને બ્રહ્માએ તે પદ્મમાં ચૌદ લોકની રચના કરી તેને પાદ્મકલ્પ કહે છે અને બ્રહ્માએ પોતાના અંગ થકી જે સૃષ્ટિ કરી તેને બ્રાહ્મકલ્પ કહે છે.

**પ્ર.** સ્વસિદ્ધ અનાદિ કોને કહેવાય ?

**ઉ.** જેને કોઇનો ઉપદેશ ન હોય, જેને કોઇની ભક્તિ ન હોય અને જે કોઈને આધીન ન હોય તેને જ સ્વસિદ્ધ અનાદિ કહેવાય. એવા સ્વસિદ્ધ અનાદિ તો શ્રી સ્વામિનારાયણ ભગવાન એક જ છે.

**પ્ર.** શ્રી સ્વામિનારાયણ ભગવાનનું અન્વયપણું તથા વ્યતિરેકપણું કેવી રીતે સમજવું ?



**ઉ.** શ્રી સ્વામિનારાયણ ભગવાન મૂળઅક્ષર, વાસુદેવબ્રહ્મ, મૂળપુરુષ, માયા, જીવ તે સર્વેને વિશે પોતાના તેજરૂપે અન્તર્યામીપણે રહ્યા થકા તે સર્વેનું નિયમન કરે છે તે તેમનું - શ્રી સ્વામિનારાયણ ભગવાનનું અન્વયપણું છે અને તે સર્વથી પૃથક્ પોતાના બ્રહ્મજ્યોતિરૂપ અક્ષરધામને વિશે મૂર્તિમાન - દ્વિભુજ દિવ્ય સદાય સાકાર સ્વરૂપે વિરાજમાન થકા પોતાના મુક્તોને આનંદ ઉપજાવે છે તે તેમનું - શ્રી સ્વામિનારાયણ ભગવાનનું વ્યતિરેકપણું છે.

**પ્ર.** દહરવિદ્યા તથા અક્ષિવિદ્યા કોને કહેવાય ?

**ઉ.** હૃદયમાં તેજના સમૂહને મધ્યે શ્રી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિને ધારવી તે દહરવિદ્યા કહેવાય. અને એક નેત્રે અંતરમાં મૂર્તિ જુએ ને બીજા નેત્રને ઉઘાડું રાખી મટકે રહિત કરી બહાર મૂર્તિ જુએ અને બેય નેત્રને ઊલટ સુલટ કરે એટલે જે નેત્રની વૃત્તિ અંતર સન્મુખ કરી મૂર્તિ જોતો હોય તે નેત્રની વૃત્તિને બહાર લાવે ને બહાર મૂર્તિ જુએ અને જે નેત્રને મટકાએ રહિત કરી બહાર મૂર્તિ જોતો હોય તે નેત્રની વૃત્તિ અંતર સન્મુખ કરી અંતરમાં મૂર્તિ જુએ; તે પ્રક્રિયાને અક્ષિવિદ્યા કહેવાય.

**પ્ર.** સ્વાભાવિક પ્રકૃતિ કોને કહેવાય ?

**ઉ.** જેને બહુ બોલવાની ટેવ હોય, પોતાનું ધાર્યું કરવાની ટેવ હોય તથા જેના દેહની ક્રિયા કોઇને મળતી આવે એવી ન હોય અને સરલપણું ન હોય, આવા જન્મજાત સ્વભાવ હોય તે સ્વાભાવિક પ્રકૃતિ કહેવાય. તે સ્વાભાવિક પ્રકૃતિ જોઇ કોઇનો અવગુણ ન લેવો.

**પ્ર.** આર્ત, અર્થાથી, જિજ્ઞાસુ અને જ્ઞાની એ ચાર પ્રકારના ભક્તનાં લક્ષણ વર્ણવો.

**ઉ.** શ્રી સ્વામિનારાયણ ભગવાન વિના બીજા કોઇ પાસેથી દુઃખની નિવૃત્તિ ન ઇચ્છે, એક શ્રી સ્વામિનારાયણ ભગવાન પાસેથી દુઃખની

નિવૃત્તિ ઈચ્છે તેને આર્ત જાણવો. અને સ્ત્રી ધન તથા રાજ્યાદિકની ઈચ્છા હોય તે શ્રી સ્વામિનારાયણ ભગવાન વિના બીજા કોઇ દેવ પાસેથી ન ઈચ્છે એક શ્રી સ્વામિનારાયણ ભગવાન પાસે જ તેની યાચના કરે તે અર્થાર્થી જાણવો. અને શ્રી સ્વામિનારાયણ ભગવાન વિના બીજી આત્મદર્શનાદિકની ઈચ્છા રાખે તેને જિજ્ઞાસુ જાણવો. અને પોતાના જીવાત્માને પુરષોત્તમરૂપની ભાવના કેળવી પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિમાં રહી સર્વ ક્રિયા કરે અને તે મૂર્તિ વિના બીજું કાંઇ ન ઈચ્છે તેને જ્ઞાની અને નિષ્કામ જાણવો.

**પ્ર.** ધ્રુવ, નરનારાયણ, અસ્ત્ર તથા યક્ષના દૃષ્ટાંતનો સિદ્ધાંત સમજાવો.

**ઉ.** ધ્રુવજીને ઠેકાણે ભક્ત જાણવા, નરનારાયણને ઠેકાણે શ્રી સ્વામિનારાયણ ભગવાનને જાણવા, અસ્ત્રને ઠેકાણે શ્રી સ્વામિનારાયણ ભગવાનનું જ્ઞાન જાણવું, અને યક્ષને ઠેકાણે કામક્રોધાદિક અંતરશત્રુ જાણવા, તે શ્રી સ્વામિનારાયણ ભગવાનના સ્વરૂપનું જ્ઞાન યથાર્થ થાય તે અંતરશત્રુનો નાશ કરે એમ જાણવું.

**પ્ર.** ભગવાન તો દિવ્યમૂર્તિ છે તે માયિક વસ્તુ જમતા હશે કે કેમ ?

**ઉ.** જમાડનાર ભક્તને અતિશે ભાવ હોય તો તેનો ભાવ જોઇને ભગવાન એ માયિક વસ્તુને દિવ્ય નિર્ગુણ કરીને અંગીકાર કરે છે અને સ્વપ્રતાપે તે વસ્તુને ઓછી થવા દેતા નથી અને તે વસ્તુના બદલામાં ભક્તને પોતાની મૂર્તિનું દિવ્ય સુખ આપે છે; માટે ભગવાનને જમાડ્યા વિના કોઈ વસ્તુ જમવી નહિ.

**પ્ર.** પ્રમાદ અને મોહનાં રૂપ શાં હશે ? અને તે કેમ ટળે ?

**ઉ.** ભગવાન ભજવા અને ભગવાનની આજ્ઞા પાળવી ને સંતનો સમાગમ કરવો એ કરવાનું છે તે ન થાય અને ન કરવાનું થાય તે પ્રમાદ કહેવાય અને કરવા યોગ્ય ને ન કરવા યોગ્ય તે સૂઝે નહિ ને પંચવિષયને વિશે આસક્તિ હોય તે મોહ કહેવાય. જીવોના કલ્યાણ



કરવાને માટે શ્રી સ્વામિનારાયણ ભગવાનના ધામમાંથી આવેલા જે અતિશે મોટા સંત તેમની અતિશે સેવા કરે અને ભગવાનની આજ્ઞામાં યથાર્થ વર્તે તો શ્રી સ્વામિનારાયણ ભગવાન તથા તે મુક્ત પુરુષ દયા કરીને તેના પ્રમાદ અને મોહને ટાળી નાખે.

**પ્ર.** ઈયળ ભમરીના દૃષ્ટાંતનો સિદ્ધાંત સમજાવો.

**ઉ.** જેમ ભમરી ઈયળને ઝાલી લાવે છે ને તેને ચટકો લઇને ઉપર ગુંજારવ કરે છે તેણે કરીને તે ઈયળ તે ને તે દેહે કરીને તદાકાર ભમરી થઇ જાય છે, પણ કોઇ અંગ ઈયળનું રહેતું નથી. તે દૃષ્ટાંતનો સિદ્ધાંત એ છે જે ઈયળને ઠેકાણે જીવ જાણવો, ભમરીને ઠેકાણે શ્રી સ્વામિનારાયણ ભગવાન તથા તેમના મુક્તપુરુષ જાણવા, ચટકાને ઠેકાણે ભગવાનનું જ્ઞાન જાણવું અને ગુંજારવને ઠેકાણે મહિમા જાણવો એટલે જીવને ભગવાન અથવા ભગવાનના મુક્તપુરુષ મળે તે ભગવાનનું જ્ઞાન આપીને વારંવાર ભગવાનનો મહિમા કહે, તે મહિમા સમજાય ત્યારે ભગવાનનું ધ્યાન થાય તેણે કરીને જીવ શ્રી સ્વામિનારાયણ ભગવાનના જેવો દિવ્ય સાકાર થઇને તેમની હજૂર સેવામાં રહે છે.

**પ્ર.** ભગવાનના ભક્તે આપત્કાળમાં કેવી રીતે વર્તવું ?

**ઉ.** શરીરમાં રોગાદિક ઉપદ્રવ હોય, વૃદ્ધાવસ્થા હોય તથા આંખે ઓછું દેખાતું હોય એ આદિક આપત્કાળ કહેવાય. તે આપત્કાળમાં વહેલું ઊઠીને નાવાધોવાનું બની શકે નહિ ને મોડું નવાય, તે વખતે કથા થાતી હોય ને પૂજા કરવી હોય, તે પૂજા કરવા જાય તો કથા જાતી રહે ને કથા સાંભળવા જાય તો પૂજા રહી જાય, ત્યારે પહેલી કથારૂપી શ્રવણ ભક્તિ કરવી અને પછી પૂજા મંત્ર જપ તે કરવાં તો બેય રહે અને દીર્ઘરોગ આવે કે રાજા બંદીખાને નાખે ત્યારે કર્મકાંડરૂપી ધર્મ તથા સેવા શ્રવણરૂપી ભક્તિ એ કાંઈ ન રહે ત્યારે શ્રી સ્વામિનારાયણ ભગવાનનું અખંડ ચિંતવન કરવું તો કલ્યાણના માર્ગથી પડે નહિ.

પ્ર.માયિક આકારનું ચિંતવન કરનારા નરક ચોરાશીને વિશે ભમે છે; તે કેમ સમજવું ?

ઉ. શ્રી સ્વામિનારાયણ ભગવાન પૃથ્વીને વિશે મનુષ્યરૂપે વિચરતા હોય તે મનુષ્યરૂપ મૂર્તિને વિશે મનુષ્યભાવ પરઠે પણ દિવ્ય ન જાણે તથા વર્તમાન સમયે તે ભગવાન પ્રતિમારૂપે દર્શન આપે છે તે પ્રતિમાને ધાતુપાષાણાદિકની માયિક જાણે પણ દિવ્ય ન જાણે તે માયિક આકારનું ચિંતવન કર્યું કહેવાય, તે માયારૂપી નરકથી અને જન્મમરણરૂપી ચોરાશીથી મૂકાય નહિ.

પ્ર.સનાતન ઈશ્વર તથા આધુનિક ઈશ્વર કોને કહેવાય ?

ઉ. જે સ્વતંત્ર સત્તાવાન હોય તે સનાતન ઈશ્વર કહેવાય અને જેમાં ઉપરીનો પ્રવેશ હોય તે આધુનિક ઈશ્વર કહેવાય. માટે સનાતન ઈશ્વર તો શ્રી સ્વામિનારાયણ ભગવાનને જ કહેવાય અને વૈરાજ અહંકાર મહત્તત્ત્વ પ્રધાનપુરુષ મૂળપુરુષ વાસુદેવબ્રહ્મ અને મૂળઅક્ષર પર્યંત સર્વ શ્રીસ્વામિનારાયણ ભગવાન આગળ પરતંત્ર ને આગંતુક ઐશ્વર્યવાન છે માટે તે આધુનિક ઈશ્વર કહેવાય.

પ્ર.ગાલવ રાજાને દૃષ્ટાંતે સિદ્ધાંત શું સમજવો ?

ઉ. જેમ ગાલવ રાજાને વરુણ પાસે જવું હતું પણ ત્યાં પોતાથી જવાય તેમ નહોતું, તેણે ગરુડ ઉપર સ્વારી કરી પણ તેને વિશેથી દાસપણું મટ્યું નહિ, તેમ મુમુક્ષુ જીવને શ્રી સ્વામિનારાયણ ભગવાન પાસે જવું તે તેનાથી જવાય તેમ નથી, માટે મુક્ત જે ગુરુ, તેમને વિશે આપોપું એટલે એજ પોતાનું સ્વરૂપ માનવું કે તે મુક્ત તે હું છું એમ ગુરુને વિશે આપોપું માનવાથી તે ગુરુને વિશેથી દાસપણું મટે નહિ. અને તે ગુરુને વિશે આત્મબુદ્ધિ રાખવાથી શ્રી સ્વામિનારાયણ ભગવાનની અને મુમુક્ષની વચ્ચે આવરણ છે તે ટળી જાય છે અને શ્રી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિનો સાક્ષાત્કાર થાય છે. આ



વાત સર્વનું જીવન છે એટલે શ્રી સ્વામિનારાયણ ભગવાનને પામવાના જેટલા ઉપાયમાત્ર છે તે સર્વ ઉપાયથી આ વાત સર્વોત્તમ છે.

પ્ર.ગોપીઓ અને દુર્વાસાને દૃષ્ટાન્તે સિદ્ધાન્ત શું સમજવો ?

ઉ. જેમ દુર્વાસા શ્રીકૃષ્ણ ભગવાનને વિશે એકાત્મતાને પામ્યા હતા, તેમની સેવાથી ગોપીઓને યમુનાનું આવરણ ટળી ગયું તેમ શ્રી સ્વામિનારાયણ ભગવાનને વિશે એકાત્મતાને પામ્યા હોય એવા સત્પુરુષની સેવાથી માયારૂપી આવરણ ટળી જાય છે. અને જેમ શ્રીકૃષ્ણ ભગવાને ગોપીઓને આજ્ઞા કરી હતી તેમ શ્રી સ્વામિનારાયણ ભગવાને મુમુક્ષુને એવા સત્પુરુષની સેવા કરવી એમ આજ્ઞા કરી છે અને તેમની સેવાથી અમારી સેવા થાય છે એમ જણાવ્યું છે અને અમે તથા એવા સત્પુરુષ અકર્તા નિર્લેપ અસંગી ને નિર્વિકાર છીએ એમ જણાવ્યું છે.

પ્ર.ચરિત્ર તથા આચરણ તે કોને કહેવાય ?

ઉ. ચરિત્ર બે પ્રકારનાં છે, પ્રાકૃત અને દિવ્ય. તેમાં ક્યાંક ભાગે, ક્યાંક હારે ઈત્યાદિક ભાવ બતાવે તે ભગવાનનાં પ્રાકૃત ચરિત્ર કહેવાય. અને સમાધિઓ કરાવીને તેમાં સર્વ અવતારોને પોતાની વંદના કરતા દેખાડે ને તે સર્વે અવતારોને પોતાને વિશે લીન કરી દેખાડે ઈત્યાદિક આશ્ચર્ય જણાવે તે ભગવાનનાં દિવ્ય ચરિત્ર કહેવાય.

અને નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળ્યું, તપ કર્યું, ત્યાગ વૈરાગ્ય રાખ્યો, ભિક્ષા માગી, તુંબડીએ પાણી પીધું, પત્તરમાં જમ્યા તથા દેવની સેવા કરી ઈત્યાદિક ક્રિયાઓ શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતાના ભક્તજનને શિખવવા સારુ કરી તે આચરણ કહેવાય. તે આચરણમાં ધર્મ સ્હેજે જ આવી જાય.

# પ્રશ્નોત્તર - વિભાગ (બ)

**પ્ર.** શ્રી સ્વામિનારાયણ ભગવાન મનુષ્યરૂપે પ્રત્યક્ષ હતા તેવા પ્રત્યક્ષ આજ કેવી રીતે જાણવા ?

**ઉ.** શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતાની દિવ્યમૂર્તિને મનુષ્યરૂપે દેખાડી હતી, તે જ મૂર્તિને આજ પ્રતિમારૂપે દેખાડે છે માટે શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રતિમા તે પ્રત્યક્ષ શ્રી સ્વામિનારાયણ ભગવાન છે. તે પ્રતિમાને દિવ્ય ન જાણે ત્યાં સુધી કોટી સાધન કરે તો પણ કલ્યાણ થાય નહિ, માટે આજ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રતિમા છે તે જ પ્રત્યક્ષ દિવ્ય મૂર્તિ છે અને પરોક્ષ શાસ્ત્રમાં પ્રતિમા ઉરુકાળે કલ્યાણ કરે તથા પ્રતિમાપૂજકને કનિષ્ઠ કહ્યા છે. પરંતુ શ્રીમુખે તો (પ્ર. ૪૮ તથા પ્ર. ૬૮માં) 'અમારી મૂર્તિ તે અમે પંડે જ છીએ અને અમારી મૂર્તિની મર્યાદા ન રાખે ને ફેલફિતુર કરે તેને અમારો નિશ્ચય નથી અને તે પાખંડી છે અને તેનું કલ્યાણ નહિ થાય.' એમ કહ્યું છે. માટે પોતાની મૂર્તિને માટે ઉરુકાળવાચક કલમ શ્રીમુખે બાદ કરી છે તેથી શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રતિમા તે શ્રી સ્વામિનારાયણ ભગવાન પોતે જ છે; એમ જાણવું.

**પ્ર.** કેવી રીતે પ્રાપ્તિ થઇ હોય તે સાક્ષાત્ પ્રાપ્તિ કહેવાય ?

**ઉ.** જ્યારે શ્રી સ્વામિનારાયણ ભગવાન મનુષ્યરૂપે દર્શન આપતા હોય ત્યારે તે મનુષ્યરૂપ મૂર્તિને વિશેથી માયિક ભાવ ટાળીને દિવ્યભાવ લાવે ને તેમની આજ્ઞામાં રહે અને આશરો કરે તો સાક્ષાત્ પ્રાપ્તિ થઇ કહેવાય.



તેમજ આજ તે જ ભગવાન પ્રતિમારૂપે દર્શન આપે છે તેમાંથી પ્રતિમાભાવ ટાળીને દિવ્યભાવ આવે ને તેમની કહેલી આજ્ઞામાં વર્તીને આશરો કરે અને તેમનાં કથા કીર્તન કરતાં થકાં દિવસ રાત્રી વીતે અને પોતાના જીવાત્માનું બ્રહ્મરૂપે - પુરુષોત્તમરૂપે સાક્ષાત્ દર્શન થાય અર્થાત્ પુરુષોત્તમરૂપે વર્તાય અને શ્રી સ્વામિનારાયણ ભગવાન વિના અન્યમાં વૈરાગ્ય થાય અને અધર્મનો ત્યાગ કરીને ધર્મને વિશે રહેવાય તેને સાક્ષાત્ પ્રાપ્તિ થઇ કહેવાય. અને જે મર્યાદા ન પાળે ને મનુષ્યભાવ અને પ્રતિમાભાવ ન ટાળે તેને સાક્ષાત્ પ્રાપ્તિ થઇ ન કહેવાય.

**પ્ર.** શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રતિમા તે સાક્ષાત્ ભગવાન પોતે જ છે; તે સમજાવો.

**ઉ.** ભગવાન જ્યારે દેવલોકમાં દર્શન આપે ત્યારે દેવના જેવી ચેષ્ટા કરે અને મનુષ્યલોકમાં દર્શન આપે ત્યારે મનુષ્યની પેઠે વર્તે અને જ્યારે પશુના જેવા દેખાય ત્યારે પશુની રીતે વર્તે અને જ્યારે પ્રતિમારૂપે દર્શન આપે ત્યારે પ્રતિમાના ધર્મ પ્રમાણે વર્તે, માટે આજ પ્રતિમારૂપે દર્શન દે છે માટે પ્રતિમાના ધર્મ પ્રમાણે વર્તે છે. અને ક્યારેક કોઇક ભક્તની સાથે બોલવું ઘટે તો તેની સાથે બોલે છે, જમે છે અને ચમત્કાર પણ જણાવે છે. તે જો પ્રત્યક્ષ ન હોય તો શી રીતે ચમત્કાર જણાવે ? માટે આજ શ્રી સ્વામિનારાયણ ભગવાન પ્રતિમારૂપે સાક્ષાત્ પ્રત્યક્ષ છે. એમાં નાસ્તિકપણું લાવે એથી બીજો કોઇ પાપી નથી.

**પ્ર.** સ્વામીને ભોગવ્યાના પદાર્થ સેવકે ઇચ્છવા નહિ; તે કેવી રીતે ?

**ઉ.** ત્યાગી તથા ગૃહસ્થ ખાવાપીવાની વસ્તુઓ શ્રી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિને અથવા શિક્ષાપત્રીને જમાડ્યા વિના જમે તથા

વસ્ત્ર અલંકાર વાહન પણ મૂર્તિના તથા શિક્ષાપત્રીના પ્રસાદી કર્યા વિના વાપરે તે સ્વામીને ભોગવ્યાના પદાર્થ સેવકે પોતે ભોગવ્યા કહેવાય. અને ગૃહસ્થે મંદિરના વસ્ત્ર, ઘરેણાં, વાહન વગેરે ભોગવવા ઇચ્છવું નહિ. અને ત્યાગીએ ગામડામાં ગયા હોય ત્યાં ધર્માદા નિમિત્તે અન્ન દ્રવ્ય આવે તે અનાજ ઠાકોરજીને પહોંચ્યા પહેલાં પોતાના ખાવાપીવામાં વાપરવું નહિ. અને કથા નિમિત્તે વસ્ત્ર આવે તેમાંથી ધર્મામૃતમાં કહ્યા પ્રમાણે વાપરવાં અને વધે તે કોઠારમાં આપી દેવાં પણ પોતાની પાસે રાખવાં નહિ. આ કહ્યા પ્રમાણે ન વર્તે તે પણ સ્વામીને ભોગવ્યાના પદાર્થ સેવકે ભોગવ્યા કહેવાય.

**પ્ર.** પામર, વિષયી, મુમુક્ષુ તથા પતિત તેનાં લક્ષણ કહો.

**ઉ.** શ્રી સ્વામિનારાયણ ભગવાને બાંધેલી પંચવર્તમાનની જે મર્યાદા તેને યથાર્થ પાળે પણ સાર અસારનો કાંઇ વિવેક ન હોય અને પ્રમાદી હોય ને સત્સંગની સેવા કાંઇ પણ કરે નહિ અને ધ્યાન ભજન આદિ સાધન કરે નહિ તે પામર કહેવાય. અને જે પંચવર્તમાનમાં રહીને, નવધા ભક્તિ આદિક શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રસન્નતાના સાધન કરે અને શ્રી સ્વામિનારાયણ ભગવાનને પામવાની એટલે પોતાના આત્માને વિશે દેખવાની ઇચ્છા રાખે, પણ તેનો ઉપાય ન કરે તે વિષયી કહેવાય.અને જે પંચવર્તમાનમાં રહીને ધર્મ જ્ઞાન વૈરાગ્ય તથા મહાત્મ્યે સહિત નિષ્કામ ભક્તિ આદિક શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રસન્નતાના સાધન કરે અને શ્રી સ્વામિનારાયણ ભગવાનને પોતાના આત્માને વિશે દેખવાનો અતિ આગ્રહપૂર્વક અભ્યાસ કરે તે મુમુક્ષુ કહેવાય. અને જે પંચવર્તમાનમાં ફેર પાડે તે પતિત કહેવાય. તેનાથી કોઇ સાધન સિદ્ધ થાય જ નહિ અને તેનું કલ્યાણ પણ થાય જ નહિ.



**પ્ર.** માળાના તથા ખીલાના દષ્ટાંતથી સિદ્ધાંત શું સમજવો ?

**ઉ.** જેમ પશુ ખીલે બંધાય છે તે ખીલાને મૂકીને ક્યાંય જતું નથી અને રજ્જુએ બંધાયું થકું તે ખીલાને સન્મુખ જ રહે છે; તેમ શ્રી સ્વામિનારાયણ ભગવાનના ભક્ત પ્રેમવૃત્તિએ કરીને ભગવાનને સન્મુખ રહીને કથા વાર્તા ખાવું પીવું એ આદિક સર્વ ક્રિયા કરે તેમાં ક્ષણવાર મૂર્તિનો વિયોગ ન થાય, સર્વ ક્રિયા મૂર્તિને સન્મુખ રહીને જ કરે, એવી સ્થિતિને ખીલાને દષ્ટાંતે કહી છે; તે સ્થિતિ પરમએકાંતિક મુક્તની છે. અને જેમ પક્ષી માળામાં રહીને બોલે જુએ તેમ શ્રી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિમાં નિમગ્ન રહીને જ સર્વ ક્રિયા કરે પણ મૂર્તિથી બહાર આવે જ નહિ,એવી સ્થિતિને માળાને દષ્ટાંતે કહી છે; તે અનાદિમુક્તની સ્થિતિ છે. તેમાં જેવી સ્થિતિ પ્રમાણે સાધનકાળમાં વર્તે તેવી સ્થિતિ અંતે પામે.

**પ્ર.** સત્સંગમાં રહેલા કુસંગને કેમ ઓળખવો ?

**ઉ.** ત્યાગી હોય તે સ્ત્રી ધનનો પ્રસંગ રાખે તથા સ્ત્રી સબંધી સંકલ્પ થઇ જાય તેનું પ્રાયશ્ચિત્ત એટલે ઉપવાસ ન કરે અને ગૃહસ્થ હોય તે પરસ્ત્રીનો સંગ કરે તથા પરધનને ગ્રહણ કરવાની ઇચ્છા રાખે તે કૂડાપંથી જેવા જાણવા. અને ત્યાગી અથવા ગૃહસ્થ દારૂમાંસના સંસર્ગવાળું ઔષધ ખાય અને લશુન, ડુંગળી, તમાકુ, લીલાગર, હિંગ, અફીણ આદિક અભક્ષ્ય વસ્તુ ખાતા હોય તે શક્તિપંથી જેવા જાણવા.અને ભગવાનને અંતર્યામી ન જાણે ને મર્યાદા ન રાખે અને પંચવર્તમાને યુક્ત શ્રી સ્વામિનારાયણ ભગવાનના ભક્તને વિશે મનુષ્યભાવ રહે અને ભગવાનની પ્રતિમાને વિશે ચિત્ર પાષાણાદિકનો ભાવ રાખે પણ દિવ્ય ન જાણે તેને નાસ્તિક જેવા જાણવા. અને જે શ્રી સ્વામિનારાયણ ભગવાનને નિરાકાર સમજે તેને વેદાંતી જેવા જાણવા. આમ સત્સંગમાં રહેલા કુસંગને ઓળખીને તે કોઇનો પણ સંગ ન કરવો.

**પ્ર.** ત્યાગી તથા ગૃહીએ ઘટિત દેહાભિમાન રાખવું તથા યોગ્ય પંચવિષય ભોગવવા; તે કેવી રીતે ?

**ઉ.** ગૃહસ્થ હરિભક્ત હોય તેમણે પોતાની આબરુ પ્રમાણે અને સમૃદ્ધિ પ્રમાણે સારાં વસ્ત્ર પહેરવાં તથા વાહન રાખવું, પણ દરિદ્રના જેવો વેશ ન રાખવો તે યોગ્યતા પ્રમાણે દેહાભિમાન રાખ્યું કહેવાય. અને ઘરમાં પરણીને સ્ત્રી રાખવી તથા ખાનપાનાદિક ભોગ શાસ્ત્રની મર્યાદા પ્રમાણે ભોગવવા તે યોગ્યતા પ્રમાણે પંચવિષય ભોગવ્યા કહેવાય.અને જે ત્યાગી સંત હોય અને તે સાધુતાના ગુણે કરીને માન સત્કારને યોગ્ય હોય અથવા વૃદ્ધાવસ્થા હોય અથવા વિદ્વાન હોય તેમને ઘટિત સત્કાર કોઈક કરે તે સત્કારને અંગીકાર કરવો તે યોગ્યતા પ્રમાણે દેહાભિમાન રાખ્યું કહેવાય. અને પોતાને જેવું તેવું ખાવાની રુચિ હોય તો પણ સર્વની સાથે જે મળે તે જમવું પણ કાચા દાણા ખાઈને કે ફળફૂલ ખાઈને કે લોટ ફાકીને ચલાવવું નહિ તે યોગ્યતા પ્રમાણે પંચવિષય ભોગવ્યા કહેવાય.

**પ્ર.** અવતારને વિશેથી પતિવ્રતાની ટેક મૂકીને અવતારીને વિશે પતિવ્રતાની ટેક રાખે તો તેને ખોટ આવે કે લાભ થાય ?

**ઉ.** જ્યારે અવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન મળે ત્યારે બીજા અવતારને વિશે નિષ્ઠા કરી હોય તે મૂકીને અવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનને વિશે જ પતિવ્રતાની ટેક - નિષ્ઠા રાખવી તેમાં કાંઈ ખોટ નથી, તેમાં તો લાભ જ છે; કેમ જે સર્વના પતિ તો એક અવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન જ છે. માટે અવતારમાંથી નિષ્ઠા મૂકીને અવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનમાં પતિવ્રતાની નિષ્ઠા કરવી જ અને જ્યાં સુધી સર્વ સુખના ધામ એવા અવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનની ઉપાસના ન મળે ત્યાં સુધી સર્વોપરી સુખ ન મળે. એ તો જ્યારે અવતારી શ્રી



સ્વામિનારાયણ ભગવાન મળે ને તેમને જેવા છે તેવા ઓળખીને પતિવ્રતાના ભાવે તેમની ઉપાસના ભક્તિ કરે ત્યારે જ સર્વોપરી સુખની પ્રાપ્તિ થાય.

**પ્ર.** મુમુક્ષુએ સત્પુરુષને વિશે આત્મબુદ્ધિ, પોતાપણાની બુદ્ધિ, પૂજ્યબુદ્ધિ અને તીર્થબુદ્ધિ કરવી; તે કેવી રીતે ?

**ઉ.** વાત પિત્ત ને કફેયુક્ત એવા દેહને ખાનપાનાદિક હરકોઈ પ્રકારે કરીને જેમ સુખ ઊપજે તેમ કરે છે તેવી રીતે સત્પુરુષને સુખ ઊપજે એવી શુશ્રૂષા કરે ને તેમને દુઃખે દુઃખી ને તેમને સુખે સુખી થાય તે સત્પુરુષને વિશે આત્મબુદ્ધિ કરી કહેવાય. અને સ્ત્રીપુત્રને અન્નવસ્ત્ર ઘરેણાં ખાનપાન વૈભવ આદિકે કરીને સુખી રાખે છે ને તેમને અર્થે દેશપરદેશ જઈને, દુઃખને ન ગણીને પૈસા પેદા કરી લાવે છે ને તેમના ઉપયોગમાં વાપરે છે તેમજ સત્પુરુષને અર્થે વાપરે તે સત્પુરુષને વિશે પોતાપણાની બુદ્ધિ કરી કહેવાય. અને જેમ ધાતુ કાષ્ઠ પાષાણાદિકની મૂર્તિઓને થાળ જમાડવા પોઢાડવા જગાડવા ધૂપ દીપ આરતી દંડવત પ્રદક્ષિણા થાય છે એવી પૂજ્યબુદ્ધિ ને દેવતાબુદ્ધિ છે તેવી પૂજ્યબુદ્ધિ ને દેવતાબુદ્ધિ સત્પુરુષને વિશે થાય તે પૂજ્યબુદ્ધિ કરી કહેવાય. અને તીર્થ જે ગંગા, યમુના, સાભ્રમતિ, ઉન્મત્તગંગા આદિકના જળને વિશે નાહવે તથા પીવે કરીને પવિત્ર થવાપણાની બુદ્ધિ છે તેવી જ સત્પુરુષના ચરણોદકનું પાન કરવે કરીને પવિત્ર થવાય તેવી બુદ્ધિ થાય તે તીર્થબુદ્ધિ કરી કહેવાય. આ ચાર પ્રકારની બુદ્ધિ સત્પુરુષને વિશે થાય તેણે જ સર્વ સાધનથી અધિક કલ્યાણકારી સત્સંગને જાણ્યો છે અને એમ ન થાય તો તે બળદ ને ગધેડા જેવો છે.

# પ્રશ્નોત્તર - વિભાગ (ક)

**પ્ર.** ચાર પ્રકારના પ્રલયને વિગતે સમજાવો.

**ઉ.** નિત્ય પ્રલય, નિમિત્ત પ્રલય, પ્રાકૃત પ્રલય, અને આત્યંતિક પ્રલય આમ ચાર પ્રકારના પ્રલય છે.

(૧) **નિત્ય પ્રલય :-** આપણાં વર્ષ ૪૩૨૦૦૦૦૦૦૦ ચાર અબજ, બત્રીસ કરોડ થાય ત્યારે બ્રહ્માનો એક દિવસ થાય અને એટલી જ મોટી તેમની રાત્રી છે. તે બ્રહ્માના ફક્ત દિવસ દરમ્યાન એક હજાર સત્યયુગ, એક હજાર ત્રેતાયુગ, એક હજાર દ્વાપરયુગ અને એક હજાર કળિયુગ પસાર થઇ જાય છે. તથા ચૌદ મનુ અને ચૌદ ઇન્દ્ર તે તુલ્ય સમય રાજ્ય કરીને નાશ પામે છે. બ્રહ્માના દિવસ દરમ્યાન આ સર્વનું ઊપજવું અને નાશ પમાવું તેને પ્રથમ નિત્ય પ્રલય કહે છે. અર્થાત્ બ્રહ્માના દિવસ દરમ્યાન દેવ દાનવ અને મનુષ્યાદિકના દેહનું ક્ષણક્ષણ પ્રત્યે ઊપજવું અને નાશ પામવું તેને પ્રથમ નિત્ય પ્રલય કહે છે.

(૨) **નિમિત્ત પ્રલય :-** બ્રહ્માનો દિવસ પસાર થયા બાદ રાત્રી પડતાં બ્રહ્મા સૂવે છે. ત્યારે સ્વર્ગ,મૃત્યુ અને પાતાળ એ ત્રિલોકીનો નાશ થાય છે, જેવડો તેમનો દિવસ હતો તેવડી જ તેમની રાત્રી છે. રાત્રી પસાર થયા બાદ દિવસ ઊગતાં પુનઃ બ્રહ્મા ત્રિલોકીની રચના કરે છે.આવી રીતે બ્રહ્માના દિવસના અન્તે રાત્રી પડતાં જે નાશ થાય છે તેને બીજો નિમિત્ત પ્રલય કહે છે અર્થાત્ બ્રહ્માના એક દિવસની અવધિવાળો જે પ્રલય તે નિમિત્ત પ્રલય.



(૩) **પ્રાકૃત પ્રલય :-** બ્રહ્મા પોતાનાં સો વર્ષ સુધી પોતાનો દેહ રાખે છે. સો વર્ષ પૂરાં થતાં બ્રહ્મા દેહ મૂકે છે. ત્યારે ચૌદ લોક સહિત બ્રહ્માંડનો નાશ થાય છે. અર્થાત્ મહદાદિક ચોવીશ તત્ત્વ પ્રધાનપુરુષને વિશે લય પામે છે અને પ્રધાનપુરુષ મૂળમાયાને વિશે લય પામે છે તેને પ્રાકૃત પ્રલય કહે છે.

(૪) **આત્યંતિક પ્રલય :-** પ્રધાનપુરુષરૂપી અનંત કોટી બ્રહ્માંડનો એક સાથે નાશ થાય છે તે સમયે અનંત કોટી પ્રધાનપુરુષનું કારણ જે મૂળપ્રકૃતિ તે, તે સર્વેને પોતાને વિશે લીન કરીને પોતે પોતાના સ્વામી જે મૂળપુરુષ તેના અંગને વિશે સદા લીન થઇ જાય છે અને મૂળપુરુષ પોતાના સ્વામી જે વાસુદેવબ્રહ્મ તેમની સમીપે જઇને તેમની સભામાં બેસી જાય છે. તેને આત્યંતિક પ્રલય કહે છે. તેનું બીજું નામ મહાપ્રલય કહેવાય છે.

આ ચાર પ્રલયથી પર પાંચમો **જ્ઞાન પ્રલય** છે, જેમાં શ્રી સ્વામિનારાયણ ભગવાન તથા તેમના મુક્ત પુરુષના યોગે કરીને મુમુક્ષુ પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનના સ્વરૂપનું સ્થિતિએ સહિત યથાર્થ જ્ઞાન થતાં મૂળમાયાથી પર જે અચળ વિશ્વ - મહાપુરુષ, વાસુદેવબ્રહ્મ અને મૂળઅક્ષર તેમને પણ પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનના તેજમાં લીન કરી એક શ્રી સ્વામિનારાયણ ભગવાનના સ્વરૂપમાં લેલીન રહે છે, તેને શ્રી સ્વામિનારાયણ ભગવાન સિવાય બીજું મૂળઅક્ષરાદિક કાંઇ નજરમાં જ આવતું નથી અને તે કોઈનો ભય ભાર મહત્તા કે સારપ રહેતી નથી તેને જ્ઞાન પ્રલય કહે છે.

**પ્ર.** સાંખ્યાદિક ચાર શાસ્ત્રે કરીને શ્રી સ્વામિનારાયણ ભગવાનને કેવી રીતે જાણવા ?

**ઉ.** જેમ સાંખ્યવાળા મૂળપુરુષ વિના જીવ ઈશ્વર કાંઇ કરવા સમર્થ નથી એમ જાણીને મૂળપુરુષને પરમાત્મા કહે છે તેમ પ્રત્યક્ષ શ્રી સ્વામિનારાયણ ભગવાનના ભક્તોએ મૂળપુરુષ, તેથી પર વાસુદેવબ્રહ્મ, તેથી પર મૂળઅક્ષર તે કોઇ શ્રી સ્વામિનારાયણ ભગવાન વિના કાંઇ કરવા સમર્થ નથી એમ જાણીને શ્રી સ્વામિનારાયણ ભગવાનને પરમાત્મા જાણવા. અને જેમ યોગવાળા ત્રણ દેહથી ભિન્ન જીવાત્માને માનીને મૂળપુરુષની મૂર્તિનું ધ્યાન કરવાનું કહે છે તેમ શ્રી સ્વામિનારાયણ ભગવાનના ભક્તોએ પોતાના જીવાત્માને શ્રી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિરૂપ - પુરુષોત્તમરૂપ માનીને શ્રી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિમાં રહીને તે મૂર્તિનું ધ્યાન કરવું. અને જેમ વેદાંત મૂળપુરુષને જીવ માયાને વિશે વ્યાપક ને જીવ માયાના કારણ જાણવા એમ કહે છે તેમ પ્રત્યક્ષ શ્રી સ્વામિનારાયણ ભગવાનના ભક્તોએ પ્રત્યક્ષ શ્રી સ્વામિનારાયણ ભગવાનને જીવ, માયા, મૂળપુરુષ, વાસુદેવબ્રહ્મ, મૂળઅક્ષર એ સર્વેને વિશે પોતાના તેજ દ્વારા વ્યાપક ને એ સર્વેના આધાર, કર્તા, નિયન્તા ને કર્મફળપ્રદાતા જાણવા. અને જેમ પંચરાત્ર શાસ્ત્ર શ્વેતદ્વીપપતિ વાસુદેવબ્રહ્મને મચ્છકૂર્માદિક તથા રામકૃષ્ણાદિક સર્વ અવતારના કારણ જાણીને તેમની ભક્તિ કરવાનું કહે છે તેમ શ્રીસ્વામિનારાયણ ભગવાનના ભક્તોએ શ્રી સ્વામિનારાયણ ભગવાનને મૂળઅક્ષરાદિક સર્વે અવતારના અવતારી જાણીને તેમની ભક્તિ કરવી. આવી રીતે પ્રત્યક્ષ શ્રી સ્વામિનારાયણ ભગવાનને ચારે પ્રકારે જાણે તે પૂરો જ્ઞાની કહેવાય.



**પ્ર.** દ્રવ્યાદિક છ વાનામાં ત્યાગી ગૃહીને વાસના હોય તેને સુખ ન થાય; તે કેવી રીતે ?

**ઉ.** ત્યાગી હોય તેને સ્ત્રીઓ પાસે બેસવાનો તથા બોલવાનો તો સંકલ્પ ન હોય પણ સ્ત્રી સમીપે આવી જાય તેને જોવાનો સંકલ્પ થઈ જાય તે સ્ત્રીની વાસના કહેવાય. (૧) અને અન્તરમાં પરસ્ત્રી સાથે બોલવાનો કે બેસવાનો સંકલ્પ થતો હોય તે ગૃહસ્થને વાસના કહેવાય. (૧) અને ત્યાગીને રોગાદિક આપત્કાળ આવે તથા કોઈક તીર્થાદિકમાં જાવું હોય ત્યારે ભાડાનો યોગ ન બને ત્યારે દ્રવ્ય રાખ્યું હોય તો આવા આપત્કાળમાં કામ આવે એવો સંકલ્પ થાય, તેમજ વસ્ત્રાદિક જે વખતે જોઈતું હોય તે વખતે ન મળે ને વિલંબ થાય ત્યારે તેને રાખ્યું હોય તો જોઈએ તે વખતે કામ આવે તેવો સંકલ્પ થાય તે લોભ કહેવાય. (૨) અને ગૃહસ્થને ન્યાયે કરીને ભેળું કરેલું દ્રવ્ય હોય તે શ્રી સ્વામિનારાયણ ભગવાનના તથા પંચવર્તમાને યુક્ત એવા સત્પુરુષના ઉપયોગમાં ન આવે તથા પંચવર્તમાને યુક્ત એવા સત્સંગી હોય ને તેને ખાવા પીવાની તંગાશ હોય અથવા કોઈ રાજ્ય સંબંધી સંકટ આવ્યું હોય તેને છોડાવવાના ઉપયોગમાં ન આવે તો તે દ્રવ્યાદિકનો લોભ કહેવાય. (૨) અને ત્યાગી જે મળે તેને પાણીમાં મેળાવ્યા વિના જુદી જુદી વસ્તુઓ રાખીને જમે તે રસની આસક્તિ કહેવાય. (૩) અને ગૃહસ્થને જમતી વખતે ખારું મોળું હોય તો મનમાં કચવાય કે રસોઈ કરનાર સાથે કજિયો કરે તે રસની આસક્તિ જાણવી; તો ત્યાગીથી તો ખારું મોળું બોલાય જ કેમ ? (૩) અને ત્યાગીને વિદ્યાદિક ગુણનું અભિમાન આવે કે ઝીણા વસ્ત્ર પહેરવાનો સંકલ્પ થાય કે મોટા સંતની સેવા થઈ શકે નહિ ઇત્યાદિક દેહાભિમાન કહેવાય. (૪) અને ગૃહસ્થને નાતનું, કુળનું, ધનનું તથા લોકમોટાઈ આદિકનું અભિમાન હોય તથા સારાં વસ્ત્ર, ઘરેણાં

પહેરીને દેહને શોભાડવાની આસક્તિ રહે તથા ઉત્તમ ભક્ત હોય ને તે લોક વ્યવહારે ગરીબ હોય કે પોતાથી ઊતરતી જાતિ હોય તેનો મહિમા ન જણાય તથા દેહે કરીને ભગવાનની કે તેમના ભક્તની સેવા ન થાય; તે દેહાભિમાન કહેવાય. (૪) અને જે શ્રી સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત ન હોય એવા સત્સંગ બહારના કુસંગીમાં તથા શ્રી સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞા ન પાળતા હોય એવા ત્યાગીમાં તથા એવા સત્સંગીમાં હેત ને પક્ષ હોય તો ત્યાગી તથા ગૃહસ્થને કુસંગીમાં હેત કહેવાય. (૫) અને પોતાનાં પૂર્વેનાં માબાપ આદિ સંબંધીને સુખી દુઃખી દેખીને હર્ષ શોક કરે તથા તેની ખબર રખાવે ને તેમના સમાચાર પૂછે ને તેમને બોલાવે તે ત્યાગીને સંબંધીમાં હેત કહેવાય. (૬) અને પંચવર્તમાને યુક્ત એવા શ્રી સ્વામિનારાયણ ભગવાનના ભક્ત હોય તેના કરતાં પોતાનાં સ્ત્રી પુત્રાદિક તથા સગાં સંબંધી તે શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં ભક્ત ન હોય તો પણ ભક્ત કરતાં તેમને વિશે વધારે વૃત્તિ ખેંચાય ને વધારે પક્ષ રહે તે ગૃહસ્થને સંબંધીમાં હેત કહેવાય. (૬)

**પ્ર.** ગૃહસ્થના પંચવર્તમાનને વિગતે સમજાવો.

**ઉ.** **(૧) દારૂ ન પીવો :-** દેશી અથવા વિલાયતી દારૂ, ત્રણ પ્રકારની સુરા, અગિયાર પ્રકારનું મદ્ય, ગાળ્યા વિનાનું દૂધ, ભાંગ્ય, અફીણ, તમાકુ, છીંકણી, ગુટકા, ગાંજો, માજમ, ચા, ચરસ આદિ કેફી વસ્તુ, ડાક્ટરી ઔષધ તથા જેમાં દારૂ આદિકનો સંસર્ગ હોય એવું અજાણ્યા વૈદ્યનું ઔષધ તે સર્વે દારૂ કહેવાય. અને (પ્ર. $\frac{૫૫}{૨}$ માં) ઈન્દ્રિયોને પાતર્યું કહી છે અને વિષયને મદિરા કહેલ છે, માટે ભાંડ, ભવાય, સરકસ, નાટક, તાયફા, જગતના મેળા, જૂગટું, ચોપાટ, ગંજીફો એ સર્વ દારૂ તુલ્ય છે, માટે આટલાનો ત્યાગ કરે તો દારૂનો ત્યાગ કર્યો કહેવાય.



**(૨) માંસ ન ખાવું :-** પ્રત્યક્ષ માંસ, શોધ્યા વિનાનું અન્ન, ગાળ્યા વિનાનું જળ, ઘી, તેલ; લસણ, ડુંગળી,હિંગ, ઉંબરાનાં ફળ, કઠોળનું ઊંધિયું, ડાક્ટરી કોરી ફાકી તથા માંસના સંસર્ગવાળી વસ્તુઓ આટલીનો ત્યાગ કરે તો માંસનો ત્યાગ કર્યો કહેવાય.

**(૩) ચોરી ન કરવી :-** કોઈની ધણિયાતી વસ્તુ તથા માર્ગમાં ને અરણ્યમાં પડેલી વસ્તુ ન લેવી, કોઈને દુઃખાવીને પરાણે તેની કાંઇ વસ્તુ ન લેવી તથા કોઈની થાપણ ન ઓળવવી તથા દેવનો દશાંશ, વિશાંશ દેવને આપવો તો ચોરી કરી ન કહેવાય.

**(૪) અવેરી એટલે બ્રહ્મચર્ય :-** પરસ્ત્રી માત્રનો સંગ ન કરવો ને મનમાં તેને ભોગવવાનો સંકલ્પ ન કરવો અને એકાંતમાં તેની સાથે ભાષણ ન કરવું અને માર્ગમાં તેની સાથે એકલા ચાલવું નહિ અને કુદૃષ્ટિએ તેને જોવી નહિ, એવી રીતે પરસ્ત્રીનો ત્યાગ રાખવો અને પોતાની સ્ત્રીનો આસક્તિએ રહિત ઋતુસમે સંગ કરવો, તેમાં પણ એકાદશીઓ તથા તેના આગલા પાછલા દિવસો તથા ભગવાનની જન્મ તિથિઓ તથા તેના આગલા પાછલા દિવસો, અમાસ, શ્રાવણમાસ, શ્રાદ્ધ, તીર્થ, વ્રત, યજ્ઞાદિકના દિવસોમાં પોતાની સ્ત્રીનો ત્યાગ રાખવો અને સમીપ સંબંધ વિનાની વિધવાનો સ્પર્શ ન કરવો. આ ગૃહસ્થનું બ્રહ્મચર્ય કહેવાય.

**(૫) વટલવું નહિ અને વટલાવવું નહિ :-** ન ખપતું હોય તેનું ખાવું નહિ અને જેને ન ખપે તેને ખવરાવવું નહિ. અર્થાત્ જ્યાં ત્યાં, જેનું તેનું, જેવું તેવું ખાવુંપીવું નહિ.

આ પંચવર્તમાન ગૃહસ્થ સર્વએ પાળવાં અને સધવા, વિધવાઓએ પણ પુરુષવર્જનાદિક ધર્મો તે પોતપોતાના આશ્રમ પ્રમાણે જાણવા.

# વચનામૃત

## ગઢડા પ્રથમ પ્રકરણ : ૧

સંવત્ ૧૮૭૬ ના માગશર શુદિ ૪ ચતુર્થીને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં સાધુની જાયગાને વિષે રાત્રિને સમે પધાર્યા હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે (૧) સર્વે સાધનમાં કિયું સાધન કઠણ છે ? ત્યારે સર્વે બ્રહ્મચારી, સાધુ તથા ગૃહસ્થ, તેમણે પોતાની સમજણ પ્રમાણે ઉત્તર કર્યો પણ થયો નહિ. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે લ્યો અમે ઉત્તર કરીએ જે ભગવાનના સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ રાખવી તેથી કોઈ સાધન કઠણ નથી. અને જે મનુષ્યના મનની વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં અખંડ રહે છે, તેને તેથી બીજી અધિક પ્રાપ્તિ શાસ્ત્રમાં કહી નથી, કાં જે ભગવાનની મૂર્તિ છે તે તો ચિંતામણિ તુલ્ય છે. જેમ ચિંતામણિ કોઈક પુરુષના હાથમાં હોય, તે પુરુષ જે જે પદાર્થને ચિન્તવે તે તે પ્રાપ્ત થાય છે, તેમ ભગવાનની મૂર્તિને વિષે જેના મનની અખંડ વૃત્તિ રહે છે, તે તો જીવ, ઈશ્વર, માયા ને બ્રહ્મ એમના સ્વરૂપને જો જોવાને ઇચ્છે તો તત્કાળ દેખે છે. તથા વૈકુંઠ, ગોલોક, બ્રહ્મમહોલ એ આદિક જે જે ભગવાનનાં ધામ છે તેને પણ દેખે છે માટે ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખવી તેથી કોઈ કઠણ સાધન પણ નથી ને તેથી કોઈ મોટી પ્રાપ્તિ પણ નથી. [૧]

૨ ત્યાર પછી કોઈક હરિભક્તે શ્રીજીમહારાજ પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે (૨) જેને ભગવાનની માયા કહે છે તેનું રૂપ શું છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે ભગવાનનો ભક્ત હોય તેને ભગવાનની મૂર્તિનું ધ્યાન કરતે જે પદાર્થ આડું આવીને આવરણ કરે તેને માયા કહીએ. [૨]

૩ પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે (૩) ભગવાનનો ભક્ત જ્યારે પંચભૂતના દેહને મૂકીને ભગવાનના ધામમાં જાય છે ત્યારે તે કેવા દેહને પામે છે ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે ધર્મકુળને આશ્રિત એવો જે ભગવાનનો ભક્ત છે તે ભગવાનની ઈચ્છાએ કરીને બ્રહ્મમય દેહને પામે છે, અને જ્યારે દેહને મૂકીને ભગવાનના ધામ પ્રત્યે જાય છે ત્યારે કોઈક તો ગરુડ ઉપર બેસીને જાય છે ને કોઈક તો રથ ઉપર બેસીને જાય છે ને કોઈક તો વિમાન ઉપર બેસીને જાય છે; એવી રીતે ભગવાનના ભક્ત ભગવાનના ધામમાં જાય છે. તેને યોગસમાધિવાળા છે તે પ્રત્યક્ષ દેખે છે. [૩]

૪ પછી વળી કોઈક હરિભક્તે પૂછ્યું જે (૪) કેટલાક તો ઘણા દિવસથી સત્સંગ કરે છે તો પણ તેને જેવી પોતાના દેહ ને દેહના સંબંધીને વિષે ગાઢ પ્રીતિ છે તેવી સત્સંગમાં ગાઢ પ્રીતિ નથી થાતી તેનું શું કારણ છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે એને ભગવાનનું મહાત્મ્ય સંપૂર્ણ જાણ્યામાં આવ્યું નથી. અને જે સાધુને સંગે કરીને ભગવાનનું મહાત્મ્ય પરિપૂર્ણ જાણ્યામાં આવે છે તે સાધુ જ્યારે પોતાના સ્વભાવ ઉપર વાત કરે છે ત્યારે તે સ્વભાવને મૂકી શકતો

નથી ને તે વાતના કરનારા જે સાધુ તેનો અવગુણ લે છે તે પાપે કરીને સત્સંગમાં ગાઢ પ્રીતિ થાતી નથી, કાં જે અન્ય સ્થળને વિષે જે પાપ કર્યાં હોય તે સંતને સંગે કરીને જાય અને સંતને વિષે જે પાપ કરે છે તે પાપ તો એક સંતના અનુગ્રહ વિના બીજા કોઈ સાધને કરીને ટળતાં નથી. તે શાસ્ત્રમાં કહ્યું છે જે ॥ **अन्यक्षेत्रे कृतं पापं तीर्थक्षेत्रे विनश्यति । तीर्थक्षेत्रे कृतं पापं वज्रलेपो भविष्यति ॥** તે માટે સંતનો અવગુણ જો ન લે તો એને સત્સંગમાં દૃઢ પ્રીતિ થાય. [૪] ઇતિ વચનામૃતમ્

## અમદાવાદ પ્રકરણ : ૭

સંવત્ ૧૮૮૨ ના ફાગણ વદિ ૭ સાતમને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી અમદાવાદ મધ્યે શ્રી નરનારાયણના મંદિરને વિષે દરવાજાના મેડા ઉપર વાસુદેવ માહાત્મ્ય વંચાવતા હતા. પછી ઊઠીને દરવાજા પાસે લીંબડાના વૃક્ષતળે ઢોલિયા ઉપર સંધ્યા સમે વિરાજમાન થયા હતા. અને મસ્તક ઉપર ગુલાબી રંગની પાઘ બાંધી હતી ને તેમાં ગુલાબના તોરા ખોશ્યા હતા ને ગુલાબના હાર પહેરીને ગરકાવ થયા હતા ને શ્વેત પછેડી ઓઢી હતી ને શ્વેત સુરવાલ પહેર્યો હતો ને ઉગમણે મુખારવિંદે વિરાજમાન હતા ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશ દેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ તે સમે પ્રાગજી દવેએ મુનિયોને પ્રશ્ન પૂછ્યો જે (૧) ભગવાનને વિષે મન વ્યભિચારને કોઈ કાળે ન પામે તે કહો ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે એનો ઉત્તર તો અમે કરશું એમ કહીને શ્રીજીમહારાજ બોલ્યા જે અમે ગામ પિપલાણામાં લાધા બ્રાહ્મણને ઘેર



રામાનંદ સ્વામીને એમ પૂછ્યું હતું જે તમે સનાતન ઈશ્વર છો કે આધુનિક ઈશ્વર છો ? ત્યારે રામાનંદ સ્વામી તો બોલ્યા જ નહિ ને ઉત્તર ન કર્યો. ત્યાર પછી અગનોતરા કાળમાં અમે માંદા થયા હતા ત્યારે અમે ક્ષીરસાગરને વિષે શેષશય્યાને વિષે શેષશાયી નારાયણ સૂતા છે ત્યાં ગયા. ત્યારે ત્યાં અમે રામાનંદ સ્વામીને જોયા. તે ધોળી ધોતી પહેરી હતી ને પછેડી ઓઢી હતી ને એવા બીજા પણ ઘણાક શેષશાયી નારાયણના ચરણારવિંદને સમીપે બેઠા હતા તેને અમે જોયા. ત્યારે અમે નારાયણને કહ્યું જે આ રામાનંદ સ્વામી તે કોણ છે ? પછી નારાયણે કહ્યું જે એ તો બ્રહ્મવેત્તા છે. પછી રામાનંદ સ્વામી તો નારાયણના શરીરને વિષે લીન થયા. ત્યાર પછી અમે દેહને વિષે આવ્યા. પછી અમે અન્તર્દષ્ટિ કરી ત્યારે પ્રણવનાદને જોયો. તે જોતાં જોતાં નંદીશ્વર પોઠિયો આવ્યો તે ઉપર બેસીને કૈલાસમાં ગયા ને ત્યાંથી ગરુડ ઉપર બેસીને વૈકુંઠ તથા બ્રહ્મમહોલને વિષે જાતા હવા. ત્યાં ગરુડ પણ ઊડી શક્યો નહિ એટલે અમે એકલા જ ઊડ્યા ને સર્વે થકી પર એવું જે શ્રી પુરુષોત્તમનું ધામ તેમાં ગયા. ત્યાં પણ હું જ પુરુષોત્તમ છું પણ મારા વિના બીજો મોટો કોઈ દેખ્યો નહિ. એટલે ઠેકાણે ફર્યા ને પછી અમે દેહને વિષે આવ્યા ને ફેર અન્તરમાં જોયું. ત્યારે એમ જણાણું જે સર્વ બ્રહ્માંડોની ઉત્પત્તિ સ્થિતિ ને પ્રલય તેનો કર્તા પણ હું જ છું. અને મારે તેજે કરીને અનન્ત બ્રહ્માંડના અસંખ્ય શિવ, અસંખ્ય બ્રહ્મા, અસંખ્ય કૈલાસ, અસંખ્ય વૈકુંઠ અને ગોલોક બ્રહ્મપુર અને અસંખ્ય કરોડ બીજી ભૂમિકાઓ એ સર્વે તેજાયમાન છે. ને વળી હું કેવો છું તો મારા પગને અંગૂઠે કરીને પૃથ્વીને ડગાવું તો અસંખ્ય બ્રહ્માંડની પૃથ્વી ડગવા લાગે ને મારે તેજે કરીને સૂર્ય ચંદ્રમા તારા આદિક સર્વે તેજાયમાન છે. એવો જે હું તે મારે વિષે એમ સમઝીને નિશ્ચય કરે તો ભગવાન એવો જે હું તે મારે વિષે મન કોઈ

કાળે વ્યભિચારને પામે નહિ. [૧] ને જે જે જીવ મારે શરણે આવ્યા છે ને આવશે ને એમ સમઝશે તે સર્વેને હું સર્વોપરી એવું જે મારું ધામ છે તેને પમાડીશ ને સર્વને અંતર્યામી જેવા કરીશ ને બ્રહ્માંડોની ઉત્પત્ત્યાદિક કરે એવા સમર્થ કરીશ. પણ પછી સામર્થી પામીને એમ જાણે જે હું જ મોટો છું. એમ જાણીને ઋષિરૂપ એવા જે પ્રત્યક્ષ શ્રી નરનારાયણ તેને ગણવા જ નહિ એવો અહંકાર આવવા દેવો નહિ ને એમ જાણવું જે આ શ્રી સ્વામિનારાયણ ભગવાનની કરુણાએ કરીને હું મોટ્યપ પામ્યો છું. એમ શ્રીજીમહારાજે એ પ્રશ્નનો ઉત્તર કર્યો. [૨] ઈતિ વચનામૃતમ્

## (રાગ ગરબી)

### પદ : ૧

આજ મારે ઓરડે રે, આવ્યા અવિનાશી અલબેલ;
બાઈ મેં બોલાવીયા રે, સુંદર છોગાવાળો છેલ....૧
નીરખ્યા નેણાં ભરી રે, નટવર સુંદર શ્રી ઘનશ્યામ;
શોભા શી કહું રે, નીરખી લાજે કોટિક કામ....૨
ગૂંથી ગુલાબના રે, કંઠે આરોપ્યા મેં હાર;
લઈને વારણાં રે, ચરણે લાગી વારંવાર....૩
આપ્યો મેં તો આદરે રે, બેસવા ચાકળીયો કરી પ્યાર;
પૂછ્યા પ્રીતશું રે, બાઈ મેં સર્વે સમાચાર....૪
કહોને હરિ ક્યાં હતા રે, ક્યાં થકી આવ્યા ધર્મકુમાર;
સુંદર શોભતા રે, અંગે સજીયા છે શણગાર....૫
પહેરી પ્રીતશું રે, સુરંગી સુથણલી સુખદેણ;
નાડી હીરની રે, જોતાં તૃપ્ત ન થાયે નેણ....૬
ઉપર ઓઢીઓ રે, ગૂઢો રેંટો જોવા લાગ્ય;
સજની તે સમે રે, ધન્ય ધન્ય નીરખ્યાં તેનાં ભાગ્ય...૭
મસ્તક ઉપરે રે, બાંધ્યું મોલિડું અમૂલ્ય;
કોટિક રવિ શશી રે, તે તો ના'વે તેને તુલ્ય....૮
રેશમી કોરનો રે, કરમાં સાહ્યો છે રૂમાલ;
પ્રેમાનંદ તો રે, એ છબી નીરખી થયો નિહાલ....૯

## પદ : ૨

સજની સાંભળો રે, શોભા વર્ણવું તેની તેહ;
મૂર્તિ સંભારતાં રે, મુજને ઉપજ્યો અતિ સ્નેહ....૧
પહેર્યા તે સમે રે, હરિએ અંગે અલંકાર;
જેવા મેં નીરખ્યા રે , તેવા વર્ણવું કરીને પ્યાર....૨
બરાસ કપૂરના રે, પહેર્યા હૈડે સુંદર હાર;
તોરા પાઘમાં રે, તે પર મધુકર કરે ગુંજાર....૩
બાજુ બેરખા રે, બાંહ્યો કપૂરના શોભિત;
કડાં કપૂરનાં રે, જોતાં ચોરે સહુનાં ચિત્ત....૪
સર્વે અંગમાંરે, ઊડે અત્તરની બહુ ફોર;
ચોરે ચિત્તને રે, હસતા કમળનયનની કોર...૫
હસતાં હેતમાં રે, સૌને દેતા સુખ આનંદ;
રસરૂપ મૂર્તિ રે, શ્રી હરિ કેવળ કરુણાકંદ....૬
અદ્‌ભુત ઉપમા રે, કહેતાં શેષ ન પામે પાર;
ધરીને મૂર્તિ રે, જાણે આવ્યો રસ શૃંગાર....૭
વ્હાલપ વેણમાં રે, નેણાં કરુણામાં ભરપૂર;
અંગોઅંગમાં રે, જાણે ઊગ્યા અગણિત સૂર....૮
કરતા વાતડી રે, બોલી અમૃત સરીખાં વેણ;
પ્રેમાનંદનાં રે, જોતાં તૃપ્ત ન થાયે નેણ....૯



## પદ : ૩

બોલ્યા શ્રી હરિ રે, સાંભળો નરનારી હરિજન;
મારે એક વાર્તા રે, સૌને સંભળાવ્યાનું છે મન....૧
મારી મૂર્તિ રે, મારા લોક ભોગ ને મુક્ત;
સર્વે દિવ્ય છે રે, ત્યાં તો જોયાની છે જુક્ત....૨
મારું ધામ છે રે, અક્ષર અમૃત જેનું નામ;
સર્વે સામર્થી રે, શક્તિ ગુણે કરી અભિરામ....૩
અતિ તેજોમય રે, રવિ શશી કોટિક વારણે જાય;
શીતળ શાંત છે રે, તેજની ઉપમા નવ દેવાય....૪
તેમાં હું રહું રે, દ્વિભુજ દિવ્ય સદા સાકાર;
દુર્લભ દેવને રે, મારો કોઇ ન પામે પાર....૫
જીવ ઈશ્વર તણો રે, માયા કાળ પુરુષ પ્રધાન;
સહુને વશ કરું રે, સૌનો પ્રેરક હું ભગવાન....૬
અગણિત વિશ્વની રે, ઉત્પત્તિ પાલન પ્રલય થાય;
મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય....૭
એમ મને જાણજો રે, મારા આશ્રિત સૌ નરનારી;
મેં તો તમ આગળે રે, વાર્તા સત્ય કરી છે મારી....૮
હું તો તમ કારણે રે, આવ્યો ધામ થકી ધરી દેહ;
પ્રેમાનંદનો રે, વ્હાલો વરસ્યા અમૃત મેહ....૯

## પદ : ૪

વળી સૌ સાંભળો રે, મારી વાર્તા પરમ અનુપ;
પરમ સિદ્ધાંત છે રે, સૌને હિતકારી સુખરૂપ....૧
સહુ હરિભક્તને રે, જાવું હોયે મારે ધામ;
તો મને સેવજો રે, તમે શુદ્ધ ભાવે થઈ નિષ્કામ....૨
સહુ હરિભક્તને રે, રહેવું હોયે મારી પાસ;
તો તમે મેલજો રે, મિથ્યા પંચવિષયની આશ....૩
મુજ વિના જાણજો રે, બીજા માયિક સહુ આકાર;
પ્રીતિ તોડજો રે, જૂઠાં જાણી કુટુંબ પરિવાર....૪
સૌ તમે પાળજો રે, સર્વે દૃઢ કરી મારા નેમ;
તમ પર રીઝશે રે, ધર્મ ને ભક્તિ કરશે ક્ષેમ....૫
સંત હરિભક્તને રે, દીધો શિક્ષાનો ઉપદેશ;
લટકાં હાથનાં રે, કરતા શોભે નટવરવેશ....૬
નિજ જન ઉપરે રે, અમૃત વરસ્યા આનંદકંદ;
જેમ સહુ ઔષધિ રે, પ્રીતે પોષે પૂરણચંદ....૭
શોભે સંતમાં રે, જેમ કોઇ ઉડુગણમાં ઉડુરાજ;
ઈશ્વર ઉદય થયા રે, કળિમાં કરવા જનનાં કાજ....૮
આ પદ શીખશે રે, ગાશે સાંભળશે કરી પ્યાર;
પ્રેમાનંદનો રે, સ્વામી લેશે તેની સાર....૯



### (રાગ ધોળ)

## વધામણાનું પદ

આનંદ આપ્યો અતિ ઘણો રે,
આ સમામાં અલબેલ; પુરુષોત્તમ પ્રગટી રે,
અમૃતના સિંધુ ઉલટ્યા રે, રંગડાની વાળી છે રેલ; પુ૦
નિર્ભયની નોબત વાગિયું રે, મળીયા મોહનરાય; પુ૦
વિધવિધ થયાં વધામણાં રે, કસર ન રહી કાંય; પુ૦
ખોટ ગઈ છે ખોવાઈને રે, જીત્યનાં જાગીર ઢોલ; પુ૦
દુ:ખ ગયું બહુ દનનું રે, આવિયું સુખ અતોલ; પુ૦
કળશ ચઢાવ્યો કલ્યાણનો રે, સહુના મસ્તક પર મોડ; પુ૦
ધન્ય ધન્ય આ અવતારને રે, જોવા રાખી નહી જોડ; પુ૦
સહુને પારે સહુ ઉપરે રે, એવી ચલાવી છે રીત; પુ૦
નો'તી દીઠી નો'તી સાંભળી રે,પ્રગટાવી એવી પુનિત; પુ૦
સર્વેના સ્વામી જે શ્રી હરિ રે, સર્વના કા'વિયા શ્યામ; પુ૦
સર્વેના નિયંતા નાથજી રે, સર્વેના કરિયાં કામ; પુ૦
સ્વામિનારાયણ નામનો રે, શક્કો બેસારિયો આપ; પુ૦
એ નામને જે આશર્યા રે, તેના તે ટાળિયા તાપ; પુ૦
ધામી જે અક્ષરધામના રે, તેણે આપ્યો છે આનંદ; પુ૦
અખંડ આનંદ આપી જીવને રે, કાપ્યાં ભારે ભવફંદ; પુ૦
ખાતાં વળાવ્યાં છે ખોટનાં રે, ખરી કરાવી છે ખાટ; પુ૦

બંધ કીધાં બીજાં બારણાં રે, વે'તી કીધી ધામ વાટ; પુ૦
તમ ટાળ્યું ત્રિલોકનું રે, પ્રકાશી પૂરણબ્રહ્મ; પુ૦
અંધારું રહ્યું'તું આવરી રે, તે ગયું થયું સુગમ; પુ૦
સૂરજ સહજાનંદજી રે, આપે થયા છે ઉદ્યોત; પુ૦
પૂર્વની દિશાયે પ્રગટી રે, છોટા મોટા તે કર્યા ખદ્યોત; પુ૦
અષાડી મેઘે આવી કર્યાં રે, ઝાઝાં બીજાં ઝાકળ; પુ૦
પૂર ચાલ્યાં પૃથવી પરે રે, ધોયા ધરતીના મળ; પુ૦
ગાજ વીજ ને વર્ષવું રે, અગમ સુગમ કર્યું સોય; પુ૦
સહુ જનને સુખ આપિયું રે, દુઃખી રહ્યું નહિ કોય; પુ૦
શર્મનો ઢોલ સુણાવિયો રે, દેવા લાગ્યા પોતે દાત્ય; પુ૦
દુરબળનાં દુઃખ કાપિયાં રે, ન જોઈ જાત કુજાત; પુ૦
ધન્ય ધન્ય મારા નાથજી રે, ધન્ય ઉદ્ધારિયા જન; પુ૦
ધન્ય ધન્ય આ અવતારને રે, ભલે મળ્યા ભગવન; પુ૦
વારે વારે જાઉં વારણે રે, કર્યાં અમારાં કાજ; પુ૦
ઘણે હેતે ઘનશ્યામજી રે, મળ્યા અલબેલો આજ; પુ૦
કહીએ મુખથી કેટલું રે, આપિયો છે જે આનંદ; પુ૦
નિષ્કુલાનંદ જાય વારણે રે, સે'જે મળ્યા સહજાનંદ; પુ૦

## નમૂનાનું પ્રશ્નપત્ર

(સમય : ૩ કલાક) (કુલ ગુણ : ૧૦૦)

સૂચના : (૧) પાસ થવા માટે ૫૦ % ગુણ મેળવવા આવશ્યક છે.

***પ્ર-૧ (અ) નીચેની ખાલી જગ્યા પૂરો. (૧૦)***

(૧) ભગવાનના ધ્યાનમાં જે પદાર્થ આવરણ કરે તેને .......... જાણવી.
(૨) જે મનુષ્ય કર્યા કૃત્યને ન જાણે તે .......... કહેવાય.
(૩) વિવેકી ભક્ત સત્સંગમાં .......... ને પામે છે.
(૪) ભૂમાપુરુષના સાધનિક પાર્ષદો .......... ધામમાં રહે છે.
(૫) જ્ઞાને યુક્ત .......... હોય તે કોઈ કાળે નાશ પામે નહિ.
(૬) ભગવાનના જ્ઞાનનો ઓથ લઈને ધર્મને ખોટા કરે તેને .......... જાણવો.
(૭) જેણે પોતાનું મન જીત્યું તેણે સર્વ .......... જીત્યું.
(૮) ભગવાન સંબંધી પંચ વિષય સેવવાથી બુદ્ધિમાં .......... થાય છે.
(૯) .......... સ્વભાવ હોય તેનો સત્સંગમાં દૃઢ પાયો થાય છે.
(૧૦) માયામાંથી પ્રીતિ ટાળીને ભગવાનમાં પ્રીતિ કરવી તે સર્વ .......... નો સિદ્ધાંત છે.

***(બ) નીચેનાં વાક્યો સાચાં છે કે ખોટાં તે જણાવો; ખોટાં હોય તો સુધારીને ફરી લખો. (૧૦)***

(૧) વચનામૃતોની કુલ સંખ્યા ૨૧૨ છે.
(૨) સંતનો સમાગમ પરમ ચિંતામણિ તુલ્ય છે.
(૩) ઇન્દ્રિયોને જીતવાથી અંતઃકરણ વકરે છે.
(૪) એક શ્રોત્રને પરિપક્વ જીતે તો બીજી ઇન્દ્રિયો જિતાય છે.
(૫) ઉપાસના વિના કોઇ વાત સિદ્ધ થાતી નથી.
(૬) પ્રધાનપુરુષ એ જ વૈરાટપુરુષ છે.
(૭) વાસુદેવબ્રહ્મ માયાસબળિત બ્રહ્મ છે.
(૮) અવ્યાકૃત ધામ આ પૃથ્વીના ગોળાની બહાર આવેલું છે.
(૯) મનોમય ચક્ર તે મનને જાણવું.
(૧૦) સ્થૂળ દેહ નવ તત્ત્વનું છે.

***પ્ર-૨ નીચેના પ્રશ્નોના જવાબ આપો. (૨૦)***

(૧) ક્રમશઃ પ્રકરણ તથા તે પ્રકરણના વચનામૃતોની સંખ્યા લખો.
(૨) વાસનાનું શું રૂપ છે ?
(૩) સ્વસિદ્ધ અનાદિ કોને કહેવાય ?
(૪) સ્વાભાવિક પ્રકૃતિ કોને કહેવાય ?
(૫) પ્રમાદ અને મોહનાં રૂપ શાં હશે ? અને તે કેમ ટળે ?
(૬) ઇયળ ભમરીના દૃષ્ટાંતનો સિદ્ધાંત સમજાવો.
(૭) ગાલવ રાજાને દૃષ્ટાંતે સિદ્ધાંત શું સમજવો ?
(૮) ચરિત્ર તથા આચરણ તે કોને કહેવાય ?



***પ્ર-૩ નીચેના પ્રશ્નોના જવાબ આપો. (૨૦)***

(૧) કેવી રીતે પ્રાપ્તિ થઇ હોય તે સાક્ષાત્ પ્રાપ્તિ કહેવાય ?
(૨) સ્વામીને ભોગવ્યાના પદાર્થ સેવકે ઇચ્છવા નહિ;તે કેવી રીતે ?
(૩) પામર, વિષયી, મુમુક્ષુ તથા પતિત તેનાં લક્ષણ કહો.
(૪) સત્સંગમાં રહેલા કુસંગને કેમ ઓળખવો ?

***પ્ર-૪ નીચેના પ્રશ્નોના જવાબ આપો. (૨૦)***

(૧) ચાર પ્રકારના પ્રલયને વિગતે સમજાવો.
(૨) દ્રવ્યાદિક છ વાનામાં ત્યાગી ગૃહીને વાસના હોય તેને સુખ ન થાય; તે કેવી રીતે ?

***પ્ર-૫ (અ) અમદાવાદ પ્રકરણનું ૭મું વચનામૃત લખો. (૧૦)***

***(બ) નીચેનું પદ સંપૂર્ણ લખો. (૫)***

બોલ્યા શ્રી હરિ રે, સાંભળો નરનારી હરિજન;

***(ક) નીચેની પંક્તિઓ પૂર્ણ કરો. (૫)***

(૧) નીરખ્યા..............કોટિક કામ.
(૨) બરાસ....................ગુંજાર.
(૩) મુજ....................પરિવાર.
(૪) કળશ........ .............જોડ.
(૫) સૂરજ....................ખદ્યોત.

**જય શ્રી સ્વામિનારાયણ**